# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎.(૦૭૯)૨૩૨૫૪૫૦૬(ઓ),
૨૩૨૫૪૩૭૭(ઓ),
૨૩૨૫૯૭૬૦(ફેક્સ)

"વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
ડૉ.જીવરાજમહેતા ભવન, સેક્ટર-૧૦ બી.,
ગાંધીનગર-૩૮૨૦૧૦

E-mail : supt-tc-dat@gujarat.gov.in

---

નંબરઃ-હિતિનિ/ટીસી/ફા.૧૨૬/(૩૮૮)/૧૬૪૨ તા.૨૮/ ૨ / ૨૦૦૭

વિષયઃ-નવીન શાખપત્ર પ્રથાના અમલીકરણ બાબત.

પરિપત્ર ક્રમાંકઃ- ૦૫/૨૦૦૭

એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટના સને ૨૦૦૫-૦૬ના જિલ્લા તિજોરી કચેરીઓના એન્યુઅલ રીવ્યુ રિપોર્ટમાં ધ્યાન દોરવામાં આવેલ છે કે –

(૧) કેટલીક જિલ્લા તિજોરીઓમાં નિયંત્રણ અધિકારી દ્વારા શાખપત્રની ફાળવણી ફોર્મ નં.'એ' ના નિયત નમુનામાં કરવામાં આવતી નથી. અને શાખપત્રના હિસાબોમાં પણ મુખ્ય સદરની વિગતો નોંધવામા આવતી નથી.

(૨) તિજોરી કચેરી દ્વારા શાખપત્ર ફાળવણીની જાણ બેંકને સમયસર કરવામાં આવતી નથી.

ઉપર (૧) અંગે તમામ શ્રેયાન જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓનું ધ્યાન આ કચેરીના તા.૧૬/૫/૧૯૯૮ના પરિપત્ર ક્રમાંકઃ ૯/૧૯૯૮ નં.હિતિનિ/ટીસી/ફા.૧૨૬/(૩૮૮)૨૮૫૦ તરફ દોરતાં જણાવવાનું કે, ઉકત પરિપત્રના ફકરા-૪માં શાખપત્ર પ્રથા અન્વયે નિયંત્રણ અધિકારી દ્વારા ફોર્મ નં. 'એ'ના સુધારેલ નમુનામાં જ સંપૂર્ણ વિગતો ભરીને શાખપત્રની ફાળવણી કરવામાં આવે તેની ખાસ ચકાસણી કરવાની સૂચના આપેલ છે. ઉપર (૨) અંગે નાણાં વિભાગના તા.૧૯/૯/૧૯૯૪ના ઠરાવ ક્રમાંકઃ ટીજેઆર-૧૧૯૩-ઝેડના એનેક્ષર-૧ના ભાગ-સી માં તિજોરી અધિકારીને શાખપત્ર ફાળવણી હુકમ મળ્યેથી તે જ દિવસે બેંકને જાણ કરવાની સૂચના આપેલ છે. પરંતુ રાજયની કેટલીક તિજોરી કચેરી દ્વારા નાણાં વિભાગના ઉકત ઠરાવોનુ ચુસ્તપણે પાલન કરવામાં આવતું નથી.

આથી તમામ શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓને શાખપત્ર પ્રથા અન્વયે નાણાં વિભાગના તા.૩૦/૩/૧૯૯૮ના ઠરાવ ક્રમાંકઃ ટીજેઆર/૧૭૯૩/૬૭૭/ઝેડ થી નિયત કરેલ ફોર્મ-'એ'ના સુધારેલ નમુનામાં જ નિયંત્રણ અધિકારી દ્વારા સંપૂર્ણ વિગતો ભરીને શાખપત્રની ફાળવણી કરવામાં તેની ચકાસણી કરવા ખાસ તકેદારી રાખવા તથા

શાખપત્રની ફાળવણી જે મુખ્ય સદર હેઠળ કરેલ હોય તે મુખ્ય સદરની વિગતો શાખપત્રના હિસાબમાં કરવા અંગે તેમજ નિયંત્રણ અધિકારી તરફથી શાખપત્ર ફાળવણી હુકમ મળ્યેથી તે જ દિવસે શાખપત્ર ફાળવણી અંગેની સંબંધિત બેંકને જાણ કરવા ખાસ તકેદારી રાખવા ફરીવાર જણાવવામાં આવે છે.

નિયંત્રણ અધિકારી દ્વારા ફોર્મ–'એ'ના સુધારેલ નમુનામાં સંપૂર્ણ વિગતો ભરીને શાખપત્રની ફાળવણી કરવામાં ન આવે તો આવા ફાળવણી હુકમો માન્ય રાખવાના રહેશે નહી.

સંયુકત નિયામક

પ્રતિ,
શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી, (તમામ)

.........................

<u>નકલ સવિનય રવાના પ્રતિ,</u>

૧. ઉપસચિવશ્રી, નાણાં વિભાગ, 'ઝ' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.

<u>નકલ રવાનાઃ–</u>

૧. તિજોરી નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

૨. સીલેકટ ફાઈલે.